## થિએટર્સ અને પરફોર્મન્સનાં સ્થળો


# MAનાં સુરક્ષાનાં ધોરણો

તબક્કા 3ના પગલા 1માં માત્ર આઉટડોર થિએટર્સ અને પરફોર્મન્સનાં સ્થળો અને ઇન્ડોર મૂવી થિએટર્સ જ ફરીથી ખૂલી શકશે. ડ્રાઇવ-ઇન મૂવી થિએટર્સ માટે જારી કરાયેલ નિર્દેશો હેઠળ ડ્રાઇવ-ઇન મૂવી થિએટર્સ સંચાલન કરવાનું ચાલુ રાખી શકશે. અન્ય ઇન્ડોર થિએટર્સ અને પરફોર્મન્સનાં સ્થને હવે પછી આવતા આદેશ હેઠળ ખૂલવાની મંજૂરી મળે નહિ ત્યાં સુધી તે બંધ રહે તે અનિવાર્ય છે.

તબક્કો 4 ન આવે ત્યાં સુધી વિશાળ ક્ષમતા સાથેના પ્રસંગનાં સ્થળો બંધ જ રહે તે અનિવાર્ય છે. તેમાં ગ્રૂપ અથવા દર્શકોની રમતો, મનોરંજન, વ્યાપાર અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વપરાતાં નીચેનાં સહિતનાં સ્થળોનો સમાવેશ થાય છે:

- મેદાનો, અરેના અને બૉલપાર્ક
- પ્રદર્શન અને કન્વેન્શન હૉલ

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

ઇન્ડોર મૂવી થિએટર્સ ગ્રાહકોના પ્રવેશ અને ઍક્ઝિટ પર નજર રાખે અને હાજર વ્યક્તિઓની સંખ્યા બધા સમયે નીચે પ્રમાણે મર્યાદિત રાખે તે અનિવાર્ય છે:

- મ્યુનિસિપલ બિલ્ડિંગ વિભાગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ હોલ્ડર સાથે રેકૉર્ડ પર હોય એવી કબ્જાની પરમિટમાં જણાવ્યા પ્રમાણે જે તે જગ્યામાં મહત્તમ માણસો રહી શકે તે અંગે પ્રત્યેક વ્યક્તિગત થિએટર અથવા સ્ક્રીનિંગ રૂમમાં હાજર વ્યક્તિઓની મહત્તમ ક્ષમતાના 40% જેટલા લોકો જ અને ક્યારેય પણ 25થી વધુ વ્યક્તિઓ હાજર રહી શકશે નહિ
- જેના માટે હાજર વ્યક્તિઓની મર્યાદા અંગેની કોઈ મંજૂરી રેકૉર્ડ પર ન હોય એવાં સ્થળો ઍક્સેસિબલ સ્પેસના 1,000 ચોરસ ફીટ દીઠ 8 વ્યક્તિઓને અને વધુમાં વધુ 25 વ્યક્તિઓને એક બંધ, ઇન્ડોર જગ્યામાં મંજૂરી આપી શકશે

પ્રત્યેક આઉટડોર સ્થળ ગ્રાહકની ઍન્ટ્રી અને ઍક્ઝિટ પર નજર રાખે તે જરૂરી બનશે અને મ્યુનિસિપલ બિલ્ડિંગ અથવા અન્ય મ્યુનિસિપલ રેકૉર્ડ ધારક સાથે રેકૉર્ડ પર હોય એવી હાજર વ્યક્તિઓની માન્ય સંખ્યામાં નોંધ્યા પ્રમાણે સ્થળ પર હાજર વ્યક્તિઓની મહત્તમ સંખ્યાના 25% સુધી જ હાજર વ્યક્તિઓની સંખ્યા મર્યાદિત રાખવાની રહેશે, પરંતુ કોઈ પણ સંજોગોમાં આ સ્થળ 100થી વધુ વ્યક્તિઓને પ્રવેશ આપશે નહિ

ઇન્ડોર અને આઉટડોર સ્થળો માટે હાજર બધી વ્યક્તિઓની સંખ્યા અને ગણતરીમાં ગ્રાહકો, કામદારો અને અન્ય કોઈ પણ હાજર વ્યક્તિઓનો સમાવેશ કરવાનો રહેશે

6 ફૂટનું સામાજિક અંતર જાળવવા વિશે અને અંતર જાળવવામાં ન આવે ત્યાં સુધી રૂમમાં પ્રવેશ ન કરવાની જરૂરિયાત વિશે સ્પષ્ટ દેખાય એવું પાટિયું પોસ્ટ કરો

જેઓ પ્રવેશવા માટે બહાર રાહ જોતા ઊભા હોય એવા ગ્રાહકો માટે 6 ફૂટના અંતરની ખાતરી કરવા માટે સ્થળોએ બિલ્ડિંગની બહાર માર્કર્સ મૂકવાં અનિવાર્ય છે

જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓની વચ્ચે 6 ફૂટ કે વધુનું અંતર રહે તેની ખાતરી કરો:

- કામદાર માટેની સામાન્ય જગ્યાઓ અને જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા ગીચ વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની રચના કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનના વિસ્તારો, બૅકસ્ટેજ વિસ્તારો) જેથી સામાજિક અંતર જાળવી શકાય
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ)
- જ્યાં શક્ય હોય ત્યાં ટિકીટ સ્ટેશનો માટે ભૌતિક આડશો બેસાડો, અન્યથા જ્યાં શક્ય ન હોય ત્યાં 6 ફૂટનું અંતર જાળવો
- ગ્રાહકોને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., લાગુ પડતું હોય તો ઉપકરણ માટે લાઇન, ચેકઆઉટ લાઇનો, રેસ્ટરૂમનો ઉપયોગ કરવા માટે લાઇનો)

સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે મુલાકાતીઓનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. શોમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

એક જ સમૂહમાં ન હોય એવા ગ્રાહકોની વચ્ચે 6 ફૂટનું અંતર સુનિશ્ચિત કરવા માટે બેઠક વિસ્તારોની ફરીથી રચના કરવી

- એક ગ્રાહક મનોરંજન વિસ્તાર અથવા બેઠક વિસ્તારની સૌથી નજીકની હદથી બીજા ગ્રાહક મનોરંજન અથવા બેઠક વિસ્તારની અન્ય હદ સુધીનું અંતર માપવું જોઈએ
- આ માટે બેઠકોની અન્ય પ્રત્યેક હરોળને બ્લૉક કરવાની તથા હરોળોમાં છૂટીછવાયી બેઠકો રાખવાની જરૂર પડી શકે છે

સાથે હાજરી આપતા હોય એવા ગ્રૂપ્સ માટે ગ્રૂપની સાઇઝ વધુમાં વધુ 10 વ્યક્તિઓ સુધી મર્યાદિત રાખો

કામદારો માટે છૂટાછવાયાં ભોજન અને વિરામના સમય રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રહે તેની ખાતરી કરો

બધા કામદારો અને ગ્રાહકો માટે ફેસ કવરિંગ આવશ્યક બનાવો, સિવાય કે રોગ અથવા વિકલાંગતાના કારણે તેમ કરવું અસુરક્ષિત હોય

લાઇવ પર્ફોમર્સની વચ્ચે ઘનિષ્ઠ સંપર્ક માટે વિશેષ પ્રોટોકૉલ્સનું પાલન કરવું જોઈએ:

- જો શક્ય હોય તો પરફોર્મન્સ દરમિયાન કળાકારોને ફેસ કવરિંગ પહેરવાનો આગ્રહ કરો
- કળાકારોએ ઓછામાં ઓછું 6 ફૂટનું અંતર જાળવવું જોઈએ. જેના માટે કળાકારોએ 6 ફૂટથી ઓછા અંતરે નજીક રહેવું પડે એવી કોઈ પણ પ્રવૃત્તિ શક્ય એટલા ટૂંકા સમયની હોવી જોઈએ
- જેના માટે લાંબા સમય માટે સીધા સંપર્કની જરૂર પડે એવી પ્રવૃત્તિઓ (દા.ત. ઘનિષ્ઠ સંપર્ક સાથેનાં દૃશ્યો, લડાઈનાં સીન)થી દૂર રહેવાનો આગ્રહ કરવામાં આવે છે
- પરફોર્મન્સ પહેલાં, દરમિયાન અને તે પછી કળાકારો અને દર્શકોની વચ્ચે સીધા આદાનપ્રદાન પર પ્રતિબંધ મૂકો (બૅકસ્ટેજ અને પરફોર્મન્સ બાદની મુલાકાત અને અભિવાદન સહિત)

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

થિએટર્સ અને પરફોર્મન્સનાં સ્થળો

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

**સામાજીક અંતર**

આઉટડોર જીવંત પરફોર્મન્સ માટે ગાયન અને બ્રાસ તથા વિન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ વગાડવાનું ટાળવા માટે આગ્રહ કરવામાં આવે છે. જેમાં ગાયન અથવા બ્રાસ કે વિન્ડ ઇન્સ્ટ્રુમેન્ટ્સ નો સમાવેશ થતો હોય એવા પરફોર્મન્સ માટે ખાસ અંતરના નિયમો જાળવવા જોઈએ:

- કળાકારો વચ્ચે ઓછામાં ઓછા 10 ફૂટનું અંતર
- કળાકારો અને દર્શકોની પ્રથમ હરોળ વચ્ચે ઓછામાં ઓછા 25 ફૂટનું અંતર

તમામ સામાન્યપણે અડવામાં આવતી ભૌતિક વસ્તુઓને ઉપયોગની વચ્ચે ફેંકી દેવી જોઈએ અથવા સૅનિટાઇઝ કરવી જોઈએ

કોઈ પણ સૅલ્ફ-સર્વ રૅક્સ અથવા આ સામગ્રી માટેનાં પાત્રોને દૂર કરવાં જોઈએ અને તેને બદલે બધી વસ્તુઓ વ્યક્તિગતપણે કર્મચારીઓ દ્વારા વ્યક્તિગત રીતે આપવામાં આવવી જોઈએ

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સ્થળોને CDC દ્વારા આપેલી વ્યાખ્યા પ્રમાણે ઊંચા જોખમ હેઠળની વસ્તી માટેના વિશિષ્ટ કલાકો કે અન્ય વસવાટ આપે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે

ચૂકવણીની સંપર્કરહિત પદ્ધતિઓ અને / અથવા ડિજિટલ ટિકિટિંગ માટે આગ્રહ કરવામાં આવે છે

જ્યાં શક્ય હોય ત્યાં સામાન્યપણે અડવામાં આવતી ભૌતિક વસ્તુઓ (જેમ કે મેનુ અને પ્લેબિલ્સ)ને બદલે ઇલેક્ટ્રોનિક સંસ્કરણો અથવા નો-ટચ ડિસપ્લેના ઉપયોગ માટે આગ્રહ રાખો.

**આરોગ્ય પ્રોટોકોલ્સ**

અન્ય કામદાર દ્વારા ઉપયોગ પૂર્વે સહિયારા ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો

જ્યાં શક્ય હોય ત્યાં સાબુ અને નળના પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધા સરળતાથી મળી શકે તેની ખાતરી કરો અને વારંવાર હાથ ધોવાનો આગ્રહ કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે

કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ પ્રવેશદ્વાર, ઍક્ઝિટ અને સમગ્ર ફ્લોર એરિયાઝમાં કામદારો, પરફોર્મર્સ અને ગ્રાહકો માટે ઉપલબ્ધ કરાવવાં જોઈએ

કળાકારો સહિત કામદારોની વચ્ચે ઉપકરણો અને પુરવઠો શેઅર કરવાનું ટાળો

ગ્રાહકો અને કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકો

ઉપયોગોની વચ્ચે સૅનિટેશન વિના ગ્રાહક કે કામદાર દ્વારા ઉપકરણને પરસ્પર સ્પર્શ કરવા પર પ્રતિબંધ મૂકો

દર્શકોએ પરફોર્મન્સ દરમિયાન બેઠેલા હોવા દરમિયાન ફેસ કવરિંગ પહેરવાં જોઈએ, સિવાય કે વિકલાંગતા અથવા રોગને કારણે તેમ કરવું અસુરક્ષિત હોય

**સ્ટાફ અને કામગીરીઓ**

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સ્થળોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો)

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો

### સ્ટાફ અને કામગીરીઓ

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે સ્થળોએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ

સંભવિત કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને મુલાકાતીઓની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

બધા કલાકારો અને કાર્યકરોએ કોમનવેલ્થના current out-of-state travel order નું પાલન કરવાનું રહેશે. વધુમાં, નિયોક્તાઓને જાહેર આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિ સિવાયના અન્ય સ્થળોએ વ્યવસાય સંબંધિત મુસાફરીને બિનજરૂરી મંજૂરી આપવાનું ભારપૂર્વક ટાળવાની સલાહ આપવામાં આવે છે. નિયોક્તાઓ કે જેઓ તેવા રાજ્યોના પ્રવાસ માટે નિયોક્તા દ્વારા ચુકવણી અથવા રીઇમ્બર્સ દ્વારા મંજૂરી આપે છે તેમણે તેમના કર્મચારીઓ આ હુકમનું પાલન કરે તેની ખાતરી કરવા પગલાં લેવા જોઈએ. નિયોક્તાઓને આ સાથે વિનંતી પણ કરવામાં આવે છે કે તેમના કર્મચારીઓને પોતાના મનોરંજન માટે કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિમાં સામેલ ન હોય તેવા અન્ય સ્થળોએ મુસાફરી ન કરવા માટે ભારપૂર્વક સૂચિત કરે.

જો કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ કામ પર આવી શકશે નહિ

જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

વિવિધ સમૂહોમાં ગ્રાહકોને એકઠા થતા અટકાવવા અને નવા ગ્રાહકો આવે તે પહેલાં પ્રવૃત્તિની જગ્યાની સંપૂર્ણ સફાઈ કરવા માટે (દા.ત. બેઠક વિસ્તારો અથવા ટેબલો) પ્રસંગના સમય છૂટાછવાયા રાખો (જેમ કે થિએટરના શો)

જ્યાં દર્શકો હરોળમાં ગોઠવાયેલા હોય અથવા અન્ય મોટા સમૂહોમાં હોય ત્યાં પ્રસંગોની વચ્ચે કામદારોએ સંગઠિત પ્રવેશ અને ઍક્ઝિટ શક્ય બનાવવા જોઈએ, જેથી ગ્રાહકોને બિનજરૂરી ભેગા થતા ટાળી શકાય

સુવિધાકેન્દ્રોએ બેઠક યોજના વિકસાવવી જોઈએ, જેમાં ગ્રાહકો સમય પહેલાં જગ્યાઓ આરક્ષિત કરાવી શકે અને જેમાં બૂકિંગ કરનાર પાર્ટીના કદ પ્રમાણે ફેરફાર થઈ શકે અને યુગલો તથા નાના સમૂહો અન્ય વ્યક્તિઓ/સમૂહોથી ઓછામાં ઓછું 6 ફૂટનું અંતર જાળવીને સાથે બેસી શકે

બેઠક સમૂહોને એક જ પાર્ટીના સંબંધિત કે જોડાયેલ સભ્યો સુધી મર્યાદિત કરવા માટે ગ્રાહકોને સૂચના આપો

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે. ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- રેસ્ટોરાં/ફૂડ સર્વિસ: રેસ્ટોરાંના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- ભેટની દુકાનો: રિટેઇલ માટેના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે
- કળાકારનાં વાળ અને મેક-અપ: ઘનિષ્ઠ સંપર્ક થતો હોય એવા વ્યાપારના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

પગલા 1માં ફૂડ સર્વિસ માત્ર બહારના સ્થળોએ જ માન્ય છે

લૉબીઝની ફરીથી રચના કરો, જેથી શો પહેલાં, દરમિયાન અને પછી ગ્રાહકોને ભેગા થતાં ટાળી શકાય

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં ઓવરલૅપ ઓછો કરવા માટે કામદારની ગતિવિધિઓ અલગ-અલગ વર્ક ઝોન પૂરતી મર્યાદિત રાખો

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે કામદારોને ભારે આગ્રહ કરવામાં આવે છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને માહિતી આપવા માટે આગ્રહ કરો

જ્યાં શક્ય હોય ત્યાં આગોતરા રિઝર્વેશન અને ડિજિટલ ટિકિટિંગનો આગ્રહ રાખો

પરફોર્મન્સના સમયને મર્યાદિત કરવા અને લોકોને ભેગા થતા તથા અન્ય લોકો સાથે નજીકનો સંપર્ક ટાળવા માટે વિરામ રાખવાનું ટાળવું જોઈએ

### સફાઈ અને રોગાણુનાશન

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, બાથરૂમો, સીટ્સ, ટિકિટ કાઉન્ટર્સ, સ્ટાફ બ્રેક રૂમો)

કોઈ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના CDC નિર્દેશો અનુસાર ઊંડી સફાઈ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

બેઠક વિસ્તારો અને અન્ય કોઈ પણ પારસ્પરિક રીતે સ્પર્શ કરાતી વસ્તુઓને પ્રત્યેક ઉપયોગ બાદ તરત ડિસઇન્ફેક્ટ કરો. CDCના નિર્દેશો પ્રમાણે કોઈ પણ સમયે ગ્રાહકોએ એવી વસ્તુઓના સંપર્કમાં આવવું ન જોઈએ જેને અન્ય લોકો ડિસઇન્ફેક્ટ કર્યા વિના અડ્યા હોય

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે